ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*કોર્ટ ને કાયદા જાણે વકીલોની જાગીર છે,*
*છે છટકબારીઓ ઘણીને ન્યાય લગીર છે*
*ઉઠાઉગીરો ને છૂપાવા છે આ સાસણગીર -*
*આપણા કાયદાની જોગવાઈઓ સગીર છે...*

હાઈકુ

*ગામ લોકોએ -*
*એસ્ટી યે નથી જોઈ!*
*ત્યાં લ્યો! બૂલેટ...*
*(વિકાસનું આંધળુકિયું!!)*

*પ્રતિ આક્ષેપો -*
*બદનક્ષી કેસોમાં -*
*થયો વિકાસ!!*
*(સૌની સૂથ)*

## ચિંતન

**કા ચિંતા મમ જીવને યદિ હરિ વિશ્વમ્ભરો ગીયતે નો ચેદ્દભર્ક જીવનાય જનની સ્તન્યં પય નિર્મયતે ।**
**ઈત્યા લોચ્ય મુહુર્મુહુર્યદુપયે લક્ષ્મીપતે કેવલં ત્વત્યાદામ્બુ સેવનેન સતતં મયા નીયતે ॥**

'ચાણક્યનીતિ' શાસ્ત્રનો આ શ્લોક છે :

જો ભગવાન વિષ્ણુએ સંપૂર્ણ સંસારનું ભરણપોષણ કરનારા કહેવામાં આવે છે. (વિશ્વંભર), તો મારે આ જીવનમાં કોઈ પણ વાતની ચિંતા કરવાની આવશ્યકતા જ રહેતી નથી. જો ભગવાન વિષ્ણુ ન હોત તો ગર્ભમાં સ્થિત બાળકનું પોષણ અને જન્મતાંની સાથે જ સ્તનોમાં દૂધ કયાંથી - કોણ આપે?

વારંવાર આવી વાતનો વિચાર કરીને પણ ત્રણે લોકના સ્વામી હું આપના ચરણમાં સેવા કરતાં જીવન વ્યતિત કરુ છું.

મનુષ્યએ ઈશ્વર પર સંપૂર્ણ વિશ્વાસ શ્રદ્ધા રાખી - જાતનું સંપૂર્ણ સમર્પણ કરી પોતાનાં સર્વ સાંસારિક-વ્યવહારિક કાર્યો-ઈશ્વરનું જ કામ સમજી નિષ્ઠાપૂર્વક કરવાં જોઈએ. ઈશ્વર સત્યની સાથે સતત રહે છે અને સત્યનિષ્ઠોનું જ 'ભરણપોષણ' કરે છે. માટે ઈશ્વરની સાક્ષીએ માનવીએ 'કર્મયોગ' માં પ્રવૃત્ત રહેવું...

## સુવિચાર

- જે વધુ પડતો વિવેક દર્શાવતો હોય છે તે દંભી હોય છે, અને જે વધુ પડતું મીઠું બોલતો હોય છે તે ધૂર્ત હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણા મૌન ને જે ગાઈ ઊઠે તે મહાન ગાયક - **ઝેન કથન**
- જીંદગીમાં મક્કમ અને પાકો નિર્ણય કરી સતત એને વળગીને આગળ વધનાર સાચો બુદ્ધિશાળી છે - **વાગ્ભટ્ટ**
- બાળકોને પણ સન્માન આબરૂ આપો... ફજેતી કરવાથી તેઓ કરમાઈ જાય છે, મોટેરાં કરતાં બાળકોમાં સ્વમાનની લાગણી વધુ તીવ્ર હોય છે - **કાકાસાહેબ કાલેલકર**
- બધા લોકો તારી પ્રશંસા કરવા લાગે ત્યારે જાણવું કે આપણા ભોગ લાગ્યા - **અરવિંદ**
- પરમાત્મા જો પૃથ્વી પર વસતાં હોત તો લોકો તેના ઘરની બારીનાં કાચ પણ ફોડી નાખત - **અમૃતબિંદુ**
- **આજનું ઔષધ :** દાઝ્યા ઉપર ચણાના લોટનું પાતળું દ્રાવણ લગાવતા તરત બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આપણા આધ્યાત્મિક સંત-કવિયીત્રીએ ગાયું છે, 'વિજળીને ચમકારે, મોતી પૂરો રે પાનબાઈ' ક્ષણિકનો ચમકારામાં જે જીવ પરોવાયો તો પરોવાયો! આપણે યાત્રા-પ્રવાસ મંદિરોમાં 'ભગવાન' શોધવા ભટકીએ છીએ. 'માયલા'ની દરકાર પણ કરતા નથી. એનો ડર પણ નથી.

સંત રાબિયાના સત્સંગીઓએ યાત્રાનું આયોજન કર્યું અને રાબિયા પણ આ પવિત્ર યાત્રામાં સાથે આવે એવો આગ્રહ રાખતા હતા. રાબિયાની ઈચ્છા નો'તી 'ના' જ પાડતાં હતા.

પ્રવાસ ફાઈનલ થઈ ગયો. આયોજકો બધો વૃત્તાંત કહેવા સાંજે રાબિયા પાસે આવ્યા. રાબિયા સૂર્યાસ્તના અજવાળે ઝૂંપડી બહાર, વાંકા વળી, નાની છડીથી, રેતીમાં કંઈક શોધતાં હતાં!

આયોજકો પૂછ્યું શું શોધો છો? રાબિયા મારી સોય શોધું છું, પેલાએ પુછ્યું તમે સીવવા કયાં બેઠાં હતાં? રાબિયા ઝૂંપડીમાં... પહેલા એ હસીને કહ્યું, માઈ! તો-તો સોય અંદર જ પડી ગઈ હોય ને! હવે હસવાનો વારો રાબિયાનો હતો. કહ્યું ભાઈ અંદર અંધારુ છે બહાર અજવાળું છે. તમે લોકો પણ અલ્લાહને શોધવા જયાં અજવાળા જાહોજલાલી હોય ત્યાં નથી જતા? ખૂદા તો દિલમાં - હૃદયમાં જ ખોવાયો છે પણ ત્યાં અંધારું છે...

આયોજક સમજી ગયો. પ્રવાસ રદ થયો.

# ભાજપમાં વધતો આંતરિક વિખવાદ

## તંત્રીસ્થાનેથી....

ભારતીય જનતા પાર્ટીની સ્થાપના વખતે એના સ્થાપક સભ્યોએ એને 'પાર્ટી વિથ ડિફરંસ' એટલે કે ચીલાચાલુ રાજકીય પક્ષોની સરખામણીએ નોખી ભાતની પાર્ટી તરીકે ઓળખાવવાનું પસંદ કર્યુ હતું. સિદ્ધાંત અને વિચારધારાને વરેલી સ્વચ્છ પ્રતિભાઓ દ્વારા શરૂ કરાયેલી આ પાર્ટીના મૂળ જનસંઘમાં હતા અને ગોત્ર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલું હતું. જન સાધારણને એની પાસે ઘણી ઊંચી આશાઓ પણ હતી. અટલબિહારી વાજપેયીની અણિશુદ્ધ સ્વચ્છ છબીને લીધે એનો સ્વીકાર પણ થયો અને બહુ જ ટૂંકા સમયમાં એ સત્તાનો સર્વોચ્ચ શિખરો આંબી શકી. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય ગુરુ લાલકૃષ્ણ અડવાણીએ એમની છબી પણ હવાલાકાંડના છાંટા ઊડ્યા ત્યારે એમણે તત્કાલ કેન્દ્રીય મંત્રીપદ છોડી દઈ તપાસમાં શુદ્ધ થઈ પાછા ફરવાનું પસંદ કર્યું હતું. મોદી મંત્રીમંડળમાં સૌથી વગદાર ગણાતા નાણામંત્રી અરૂણ જેટલી સામે દિલ્હી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના કારભાર દરમિયાન થયેલ કથિત કૌભાંડ મુદ્દે છેલ્લાં ઘણાં વર્ષોથી ક્રિકેટરમાંથી સાંસદ બનેલા કીર્તિ આઝાદ રજૂઆત કરતા રહ્યા હતા. આખરે દિલ્હી સરકારના કર્ણધાર અરવિંદ કેજરીવાલે આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે કીર્તિ આઝાદે એમાં સૂર પુરાવ્યો એટલું જ નહીં, એમને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની મનાઈ છતાં પત્રકાર પરિષદ બોલાવીને વટાણા વેરી નાખ્યા હતા. સંસદમાં આ મુદ્દે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિય અન્ય વિપક્ષોએ ઊહાપોહ કર્યો ત્યારે કીર્તિ આઝાદ પણ એમાં સામેલ થઈ ગયા હતા. આથી ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયેલ પાર્ટી અને સરકાર માટે જેટલી જેવા મોભીની પડખે રહેવા સિવાય અને આ તોફાને ચઢેલા સાંઢને નાથ ઘાલવા સિવાય વિકલ્પ જ નહોતો બચ્યો. દિલ્હીના મુખ્યમંત્રી અને બીજા પાંચ સામે બદનક્ષીનો દાવો મૂકનાર જેટલીને કીર્તિ આઝાદે પોતાની સામે બદનક્ષીનો દાવો માંડવાનો પડકાર ફેંકીને જાતે જ મુસીબત વહોલી લીધી છે. પાર્ટીએ એમને કોઈ પણ જાતના ખુલાસાની તક આપ્યા વગર જ સસ્પેન્ડ કરી દીધા છે એથી કીર્તિ આઝાદ વધુ છંછેડાયા છે. એ હવે વધુ આક્રમક રૂખ અપનાવી જેટલીને ખુલ્લા પાડવાનો પ્રયાસ કરશે. એમણે પાર્ટી આઈએસઆઈએસ જેવું વર્તન કરી રહી હોવાનો આક્ષેપ કર્યો છે. જો કીર્તિ આઝાદ જેટલીને ખોટા ઠેરવી શકશે તો સ્વાભાવિક રીતે જ તેઓને વિપક્ષ ઉપરાંત પક્ષનાં અસંતુષ્ટ વર્તુળોમાંથી ટેકો સાંપડશે. રામ જેઠમલાણીએ એમનાં કડવાં ઉચ્ચારણો બદલ પાર્ટીમાંથી હાંકી કઢાયા હતા, એ જ ઢબે હવે કદાચ શત્રુઘ્ન સિન્હા સામે પણ આકરાં પગલાં લેવાશે. આ ત્રિપુટી સાથે મળીને મોદીનું વહાણ મધદરિયે ડુબાડી શકે એમ છે. શત્રુઘ્ન સિન્હા પટણા સાહિબથી અને કીર્તિ આઝાદ દરભંગાની બેઠક પરથી ચૂંટાયેલા બિહારી સાંસદો છે. મોદીને બિહારી બાબુ નીતીશકુમારે અને લાલુ યાદવે તો પોતાની તાકાતનો પરચો બતાવી જ દીધો છે. મોદી, જેટલી અને શાહની 'તિકડી' વિરુદ્ધ અરૂણ શૌરીની ખફગી જગજાહેર છે. હાંસિયે ધકેલાઈ ગયેલી કોંગ્રેસને તથા બિહારમાં હેટ્રિક કરનાર જદ(યુ) ઉપરાંત કેજરીવાલ અને મમતા-માયાવતી-મુલાયમની પાર્ટીઓને પણ વણમાગ્યો મુદ્દો મળી ગયો છે. મોદી માટે હવે પાર્ટીના અસંતુષ્ટો પર કાબૂ મેળવવાનું અઘરું બની રહેવાનું છે. કારણ કે એ બધાને અડવાણી-જોશી અને યશવંત સિન્હા જેવા સિનિયર નેતાઓનું છૂપું સમર્થન મળતું જ રહેવાનું છે.

# લગ્ન પહેલા થેલેસીમિયા (HB ELCTROPHORESIS) અને HIV ટેસ્ટ કરાવી લેવા જોઈએ




પ્રધુમન અને પ્રજ્ઞા બંનેના વિવાહની વાત ચાલતી હતી. બંને જણા મળ્યા. ચાર આંખોમાથી બે આંખો થઈ બે દિલમાંથી એક દિલ થયું. એક મમ્મી-પપ્પા માંથી બે મમ્મી-પપ્પા થયા બંનેની કુંડળીના ૩૩ ગુણાંક ઉપર આવ્યા. પંડિતોએ કહ્યું કે વાહ, આવા ગુણાંક તો ભાગ્યે જ મળે.બધુજ નંક્કી થઇ ગયું.સગાઇ ની તારીખ નક્કી થઇ ગઈ.પણ કોઈ સારા માણસે સલાહ આપી કે ભાઈ બંને ના થેલેસીમિયા (HB ELCTROPHORESIS) નો ટેસ્ટ કરાવી લો.પહેલા પ્રજ્ઞા બેન નો થેલેસેમિયા (HB ELCTROPHORESIS) ટેસ્ટ કરાવ્યો,જેમાં થેલેસેમિયા માઈનોર (HB ELCTROPHORESIS)માં MINOR થેલેસેમિયા પોસિટિવ આવ્યો. ડોક્ટરે સલાહ આપી હવે પ્રધુમનનો થેલેસેમિયા (HB ELCTROPHORESIS) ટેસ્ટ કરાવી લો. જેમાં પ્રધુમનનો પણ થેલેસેમિયા (HB ELCTROPHORESIS)માં MINOR થેલેસેમિયા પોસિટીવ આવ્યો. બંને એ ડોક્ટર ની સલાહ લીધી હવે અમારે લગ્ન કરવા કે નહિ ? ડોક્ટરે સલાહ આપી લગ્ન તો થાય પણ ૫૦ ટકા થી પણ વધારે શક્યતા તમારા બાળક માં થેલેસેમિયા (HB ELCTROPHORESIS MAJOR ) થવાની છે. એટલે લગ્ન તો થાયજ પણ છોકરાઓ ના કરવા એવી પ્રતિજ્ઞા સાથેજ લગ્ન કરી શકાય. પ્રજ્ઞા બેન રડી પડ્યા મારે કોઈ પણ સંજોગો માં પ્રધુમન જ જોઈએ. પ્રધુમને પણ એમાં સંમતી આપી. બંને એ લગ્ન કર્યા.પણ એ શરતે કે બાળક નહિ લાવવાનું. જો ભગવાન ને મંજુર હશે તો આવતા જન્મે આપણે બાળક લાવીશું. આત્માં તો એકજ છે ને ભલે ખોળિયું બદલાય. અને એક નવો આત્મ ઉત્પન્ન કરીશું. ગયા અંકે આપણેજોયું લગ્ન માટે કુંડળી કરતા પણ અગત્ય ના અમુક પ્રકારના ટેસ્ટ છે તેમજ બીજી શારીરિક તપાસ કરાવવી પણ એટલીજ જરૂરી છે. થેલેસેમિયા (HB ELCTROPHORESIS) ની જેમ HIV (AIDS ) Acquired Immun Deficiency Syndrome

મનસુખભાઈ અને મંગળાબેન બંનેને લગ્ન કરે ૩૫ વર્ષ થઇ ગયા. કોઈ કારણ સર નાનું ઓપરેસન કરાવવા મંગળાબેનને PRE OPERATIVE PROFILE કરાવ્યું જેમાં HB,BLOOD GROUP,RH FACTOR, DIABETIS, LIVER (SGPT,BILLIRUBIN), KIDNEY (UREA, CREATININE), HIV Elisa, HBsAg Elisa, URINE ROUTINE MICRO અને BTCT (BLEEDING TIME CLOTTING TIME ) ટેસ્ટ કરાવ્યા જેમાં મંગળા બેન ને HIV POSITIVE આવ્યો પછી મનસુખભાઈ એ પણ HIV કરાવ્યો તો તેમનો પણ HIV POSITIVE આવ્યો અને તે પછી Antigen and Antibody થી અને PCR નામના ટેસ્ટથી કન્ફોર્મ પણ કરાવ્યો. હવે બંને સાથે રહે છે પણ બાળકના થવું જોઈએ તે શરતે કારણકે આગળ આવનાર બાળક નું ભવિષ્ય કોઈ પણ કારણ સર મંગળા બેન અને મનસુખભાઈ ને બગાડવા નો હક નથી.ભૂલ થી પણ જો બાળક આવી જાય તો એ બાળક HIV POSITIVE વાળું જ હોય અને બાળકની જીંદગી પહેલેથી જ અંધકારમય ઉગે. એટલે જ લગ્ન પહેલા થેલેસીમિયા (HB ELCTROPHORESIS) અને HIV કરાવી લેવો જોઈએ. સકુંતલા બેન અને શાંતિલાલ બંને ની નવીજ કહાની છે.બંને ને લગ્ન કરી લીધા પછી ખબર પડી કે HBsAg POSITIVE છે HBsAg POSITIVE એટલે શું? HBsAg POSITIVE એટલે HEPATAITIS–B VIRUS ના ANTI-GEN તમારા શરીર માં છે. HEPATAITIS ના VIRUS ક્યાંથી આવ્યાં. એમાં એકજ કારણ હોઈ શકે અગત્ય નું છે કે વગર STERILE INJECTION અથવા તો DISPOSABLE ના વાપર્યા સિવાય ના INJECTIONમાં આ VIRUS નો ચેપ લાગેલો હોય. એટલે કે સાવધાન રહો.જયારે જયારે તમે કોઈપણ INJECTION લેતા હોવ ત્યારે DISPOSABLE SYRINGE અને NEEDLE નો આગ્રહ રાખો અને ટેસ્ટ કરાવા જાઓ ત્યારે તમારી સામે નવી SYRINGE અને NEEDLE ખોલાય તેવો આગ્રહ રાખો અને વાપર્યા પછી તમારા વપરાયેલી સોય અને SYRINGE બીજાને ના વપરાય અને કપાય તે પણ તમે જોવો.કોઈપણ માણસ ને HBsAg POSITIVE હોય તો એ લોહીના સંપર્ક થી અને અસુરક્ષિત સંભોગ થીજ થાય છે. પણ જીંદગી ખરાબ થઈ જાય છે. હા પણ HBsAg POSITIVE હોય તો HBeAg માર્કર કરાવી લેવું જોઈએ જેનાથી ખબર પડે ક તમારો HBsAg ભલે POSITIVE

**અનુસંધાન પાના નં. ૭ પર**

# અમેરિકાના મૂળ વતનીઓને રેડ ઈન્ડિયન નામ કોણ આપ્યું હતું?

## વિશ્વનો ઇતિહાસ

(૧) જર્મન પ્રજાને 'એક રાષ્ટ્ર એક નેતા' નું સૂત્ર કોણે આપ્યું?
(અ) હિટલર (બ) મુસોલિન
(ક) વુડોર વિલ્સન (ડ) અતાતુર્ક

(૨) આધુનિક તુર્કીના પિતા તરીકે કોણ ઓળખાય છે?
(અ) મુસ્તફા કમાલ પાશા (બ) અતાતુર્ક
(ક) ઑલીવર ક્રોમવેલ (ડ) મુસોલિન

(૩) ઈટલીનાં મુસોલીન શા માટે જાણીતા થયા હતા?
(અ) લોકશાહી માટે (બ) સરમુખત્યાર શાહી
(ક) સામ્યવાદ માટે (ડ) ફાંસીવાદના જનક

(૪) પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અમેરિકાના રાષ્ટ્રપતિ કોણ હતા?
(અ) જયોર્જ વોશિંગ્ટન (બ) જયોર્જ બુશ
(ક) વુડરો વિલ્સન (ડ) ફ્રેંકલીન રૂઝવેલ્ટ

(૫) બીજા વિશ્વયુદ્ધ વખતે ઈંગ્લેન્ડના વડાપ્રધાન કોણ હતા?
(અ) કેમરૂન પહેલા (બ) વિસ્ટન ચર્ચિલ
(ક) ઝાર નિકોલસ (ડ) જોસેફ મેઝિની

(૬) અમેરિકાના મૂળ વતનીઓને રેડ ઈન્ડિયન નામ કોણ આપ્યું હતું?
(અ) કોલંબસે (બ) વાસ્કો-ડી-ગામાએ
(ક) અબ્રાહમ લિંકને (ડ) જયોર્જ વોશિંગ્ટને

(૭) જર્મનીએ વર્સેલ્સ સંધિનો ભંગ કઈ સાલમાં કર્યો?
(અ) ૧૯૧૯ (બ) ૧૯૩૫
(ક) ૧૯૪૫ (ડ) ૧૯૪૭

(૮) પેરેડાઈઝ લોસ્ટ મહાકાવ્યના કવિ કોણ છે?
(અ) જહોન મિલ્ટન (બ) માર્ટિન લ્યૂથરો
(ક) હોમર (ડ) હમ્બુ રાબી

(૯) પાકિસ્તાન શબ્દના જનક કોણ છે?
(અ) મહંમદ અલી ઝીણા (બ) ચૌધરી રહમત અલી
(ક) મુઝીબુર રહેમાન (ડ) મુસ્તફા કમાલ પાશા

(૧૦) ઈંગ્લેન્ડને સૌ પ્રથમ 'વાણિયાઓનો દેશ' કોણે કહ્યો હતો?
(અ) મુસોલિને (બ) મેગલિને
(ક) નેપોલિયને (ડ) સિકંદરે

(૧૧) ફ્યુહટર શબ્દ કોના માટે વપરાતો હતો?
(અ) સ્ટાલીન (બ) નેપોલિયન
(ક) મુસોલિન (ડ) હિટલર

(૧૨) ફ્રાન્સના વિચારોના પૂર્ણ દર્પણ તરીકે કોને ઓળખવામાં આવે છે?
(અ) વોલ્તેર (બ) રૂસો
(ક) માર્નોવ (ડ) ટોલ્સટોય

(૧૩) રશિયન ક્રાંતિ દરમિયાન મેન્શેવિક જૂથનું નેતૃત્વ કોણે કર્યું હતું?
(અ) તુર્ગનેવ (બ) દોસ્તોવસ્કી
(ક) માર્નોવ (ડ) ગોર્કી

(૧૪) હિટલરની પ્રેમિકાનું નામ શું હતું?
(અ) ઈવા બ્રાઉન (બ) ઈવા માર્ગી
(ક) ઈવા એડીશન (ડ) ઈવા લૂઈ

(૧૫) મુસોલીનના પક્ષનું નામ શું હતું?
(અ) બ્લૂ શર્ટ (બ) રેડ શર્ટ
(ક) બ્લેક શર્ટ (ડ) ગ્રીન શર્ટ




## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૨૫ ડિસેમ્બર ૧૯૦૧ — રીચાર્ડ ઈ.શોપ : અમેરીકન એનીમલ પેથોલોજીસ્ટ, પ્રાણીઓમાં થતાં ઈન્ફ્યુએન્ઝા રોગથી પ્રથમ રસી તૈયાર કરનાર
- ૨૫ ડિસેમ્બર ૧૮૭૬ — એડોલ્ફ વિન્ડસ : જર્મન ઓર્ગેનીક કેમીસ્ટ, સ્ટેરોઈડ અને વિટામીન વિષેના સંશોધન માટે ૧૯૨૮માં નોબેલ પ્રાઈઝ મળ્યું.
- ૨૬ ડિસેમ્બર ૧૮૫૩ — વિલ્હીયમ ડોર્પફેલ્ડ : જર્મન આર્કીયોલોજીસ્ટ, એશિયન ગ્રીક થિયેર અંગે સંશોધન કરનાર
- ૨૬ ડિસેમ્બર ૧૮૩૮ — કલેમન્સ એલેકઝેન્ડર વિલ્કલર : જર્મન કેમીસ્ટ, જર્મેનીયમની શોધ કરનાર
- ૨૭ ડિસેમ્બર ૧૯૦૬ — બેન્ઝામીન એઈન્સેડેટ : અમેરીકન સંશોધક 'કુત્રિમ સુગર'ના શોધક
- ૨૭ ડિસેમ્બર ૧૮૬૭ — સર વિલિયમ સેસીસ ડેમ્પીયર : બ્રિટીશ વૈજ્ઞાનિક, લેકટ્રીઝ બનાવવાની પદ્ધતિ વિકસાવનાર
- ૨૮ ડિસેમ્બર ૧૯૨૯ — માર્ટિન સ્કેમીડ : ડચ-બોર્ન અમેરીકન ખગોળશાસ્ત્રી, 'ક્યુસી-સ્ટેલર' પદાર્થ શોધનાર
- ૨૮ ડિસેમ્બર ૧૯૦૩ — જહોન વોર્ન નૌમાન : હંગેરીયન-અમેરીકન ગણિતશાસ્ત્રી, કર્વાન્ટમ ફીઝીક્સમાં યોગદાન આપનાર
- ૨૯ ડિસેમ્બર ૧૮૬૪ — હેનરી પી. ડીફોરેસ્ટ : અમેરીકન જીનેકોલોજીસ્ટ, ૧૯૦૨માં પ્રથમ ફીંગર પ્રિન્ટ ફાઈલ તૈયાર કરનાર
- ૨૯ ડિસેમ્બર ૧૮૬૩ — વ્હિલીયમ હીસ : સ્વિઝ કાર્ડીયોલોજીસ્ટ. 'મસલ ફાઈબર ગ્રુપ' વિષે સંશોધન કરનાર
- ૩૦ ડિસેમ્બર ૧૯૩૪ — જહોન એન. બેન્ચકોલ : અમેરીકન ખગોળ-ભૌતિક વિજ્ઞાની, ન્યુટ્રીનો એસ્ટ્રોફીજીક્સના પાયોનિયર.
- ૩૦ ડિસેમ્બર ૧૯૩૧ — સર જહોન હંગસ્ટન : વેલ્સ મટીરીયોલોજીસ્ટ, વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ નક્કી કરનાર અને ગ્લોબલ વોર્મિંગ વિષે માહિતી આપનાર
- ૩૧ ડિસેમ્બર ૧૮૯૮ — સર ઈરીક થોમ્પસન : ઈંગ્લીશ ઈથીનોગ્રાફર, માયાન-સંસ્કૃતિ પર સંશોધન કરનાર
- ૩૧ ડિસેમ્બર ૧૮૬૪ — રોબર્ટ ગ્રેન્ટ એટકેન : અમેરીકન એસ્ટ્રોનોર્મર, ૩૦૦૦ જેટલા ડબલ સ્ટાર શોધનાર

## ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : કેજરીવાલના કયા સચિવના ભ્રષ્ટાચારના મુદ્દે સીબીઆઈએ દરોડા પાડ્યા?**

**જવાબ : ચીફ પ્રિન્સિપાલ સેક્રેટરી રાજેન્દ્ર કુમાર**

## સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી, જુ.સા. કૉલેજ. (૫) બિમલકુમાર હરીશભાઈ રાવલ : ૬૯૦/૨, સે-૩ (૬) મહેશભાઈ જાદવ : સે-૩૦ (૭) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોલેશ્વર મહાદેવ પેસ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**અરૂણ જેટલી પર કયા કથિત ભ્રષ્ટાચારના મુદ્દે વિપક્ષો દ્વારા રાજીનામાની માંગ થઈ છે?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

[illegible]

# ગીતાનો મંગલધ્વનિ




માગશર સુદ અગિયારસ ગીતાજયંતિ છે, શ્રીમદ્ ભગવત્ ગીતાનો સમશ્લોકી અનુવાદ 'ગીતાધ્વનિ' શીર્ષક સાથે ઈ.સ. ૧૯૩૪માં થયો અને નવજીવન પ્રેસે પ્રકાશિત કર્યો. ઈ.સ. ૨૦૦૭ સુધીમાં 'ગીતાધ્વનિ' ની સવા બે લાખ નકલો વાચકોમાં હાથમાં જઈ પહોંચી હતી. આ અનુવાદ કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળાએ કર્યો છે.

ગીતાના અઢાર અધ્યાય છે. આમાં પ્રેરણાદાયી સૂક્તિઓ અસંખ્ય છે. અહીં પ્રત્યેક અધ્યાયમાંથી પસંદ કરીને મૂકી છે. આમાંથી અનુવાદકનું કવિકર્મ કેવું સરસ છે; એની પણ પ્રતીતિ થાય છે :




(૧) સ્વજનોને હણી કેમ પામીએ સુખને અમે? (૧-૩૭)
(૨) કર યોગે રહી કર્મ, તેમાં આસક્તિને ત્યજી;
યશાયશ સમામાની સમતા તે જ યોગ છે (૨-૪૮)
(૩) શ્રેષ્ઠ લોકો કરે જે જે, તે જ અન્ય જનો કરે;
તે જેને માન્યતા આપે, તે રીતે લોક વર્તતા (૩-૨૧)
(૪) અજ્ઞાનીને અશ્રદ્ધાળુ, સંશયીનો વિનાશ છે.
આ લોક, પરલોકે ના, સુખેના સંશયી લહે (૪-૪૦)
(૫) વિદ્વાન વિનયી વિપ્રે, તેમ ચાંડાળને વિષે
ગાયે ગજેય શ્વામેયે, જ્ઞાનીને સમદૃષ્ટિ છે. (૫-૧૮)
(૬) આપને તારવો આપે, આપને ન ડૂબાડવો.
આપ જ આપ નો બંધુ, આપ જ શત્રુ આપનો (૬-૫)
(૭) ધર્મથી ન વિરોધી જે એવો છું કામ ભૂતમાં (૭-૧૧)
(૮) મનબુદ્ધિ મને અર્પ્યે, મને નિઃશંક પામશે (૮-૭)
(૯) અનન્ય ચિત્તથી જેઓ, કરે મારી ઉપાસના
તે નિત્ય યુક્ત ભક્તોનો, યોગક્ષેમ ચલાવું હું (૯-૨૨)
(૧૦) હું જ આત્મા રહ્યો સર્વે, ભૂતોનાં હૃદયો વિશે (૧૦-૨૦)
(૧૧) દ્વેષહીન, અનાસક્ત, તે આવી મુજને મળે. (૧૧-૫૫)
(૧૨) જેથી દુભાયના લોકો, લોકથી જે દુભાય ના;
હર્ષ-ક્રોધ-ભય-ક્ષોભે, છૂટ્યો જે, તે મને પ્રિય (૧૨-૧૫)
(૧૩) સારા માઠા પ્રસંગોમાં, ચિત્તની સમતા સદા (૧૩-૯)
(૧૪) ચડે છે સાત્ત્વિકો ઊંચે (૧૪-૧૮)
(૧૫) હું વૈશ્વાનર રુપે, સૌ પ્રાણીના દેહમાં રહ્યો શ્ર(૧૫-૧૪)
(૧૬) કામ, ક્રોધ તથા લોભ, નરક દ્વારા આ ત્રણ. (૧૬-૨૧)
(૧૭) અપાત્રે દાન જે આપે, અયોગ્ય દેશકાળમાં,
વિના આદર સત્કાર, તે દાન તાપસી ગણ્યું, (૧૭-૨૨)
(૧૮) છોડીને સઘળા ધર્મો, મારું જ શરણું ધર;
હું તને સર્વ પાપોથી, છોડાવીશ, નચિંત થા (૧૮-૬૬)

અહીં ગીતા વિષેના કેટલાક અભિપ્રાયો પ્રસ્તુત છે. ગીતાનું મહ્ત્ત્વ પ્રસ્થાપિત કરે એવા છે :

- ગીતામાંના ખોળામાં જે માથું રાખે અને નિરાશા કદાપિ ન થાય : ગાંધીજી
- ગીતા જેવો બીજો કોઈ ગ્રંથ વિશ્વની કોઈ પણ ભાષામાં નથી : લોકમાન્ય તિલક
- હું મારું શરીર માની દૂધથી પોષાયું છે, પણ તેથી યે વધુ મારાં હૃદય અને બુદ્ધિનું પોષણ ગીતાના દૂધથી થયું છે : વિનોબા ભાવે
- ગીતા દુનિયાની અઢળક સંપત્તિ વડે પણ ન ખરીદી શકાય, એવો ભારતનો અમૂલ્ય અને અલૌકિક ખજાનો છે : યહૂડી મોલેઝ
- હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતાનાં પવિળ જળમાં સ્નાન કરાવું છું : મહાત્મા થોરો
- ગીતા માત્ર મધ્યાત્મગ્રંથ નથી; સાથોસાથ વિશ્વવ્યાપી લોકપ્રિયતા પ્રાપ્ત કરી હોય, તેવું મહાન કાવ્ય પણ છે : સર એલન જેકબ્સ
- દુનિયાભરમાં લાખોની સંખ્યામાં માત્ર હિંદુઓ જ નહિ, હિન્દુ સિવાયની પ્રજાઓ પણ પોતાનાં જીવનમાં ગીતાને એક માર્ગદર્શક તરીકે મહત્વનું સ્થાન આપે છે અને સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થાય છે : જૂન મસ્કારો
- આટલું અતિશય મહત્ત્વ ધરાવતી ગીતાના ઉદ્ગાતા જદગુરુ શ્રીકૃષ્ણને વંદના.